Extra No. 310

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] FRIDAY, AUGUST 22, 2025 / SRAVANA 31, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખઃ ૨૨મી જુલાઈ, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૧૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૮ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જુલાઈ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૧૧૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૨૮:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ અનુસૂચિમાં વર્ણવેલા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)-ના ૬૬ કેવી આંબાતલાટ સબ-સ્ટેશન, તાલુકો- ધરમપુર, જિલ્લો- વલસાડને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ. ૬૬ કેવી આંબાતલાટ સબ સ્ટેશન	ગામ: આંબાતલાટ તાલુકો: ધરમપુર જિલ્લો: વલસાડ	સરવે નંબર: ૧૪૨ (જૂનો સરવે નંબર. ૪૯૫/૧) કુલ ક્ષેત્રફળ: ૪૯૦૦ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૩૮૦ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર. ૧૪૧ની જમીન પશ્ચિમે: સરવે નંબર. ૧૩૯ની જમીન અને જંગલની જમીન ઉત્તરે: આંબાતલાટથી સાવરમાળ રોડ દક્ષિણે: સરવે નંબર. ૧૪૨ની ખુલ્લી જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.02 19:22:55 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar